## ઇન્ટરવ્યૂમાં હિસ્સો લેવા બાબતની સંમતિ

## ભારતમાં વોટર ફિલ્ટર્સ અને પોર્ટેબલ વોટર ટેસ્ટ કિટ્સનું મૂલ્યાંકન

તમને મસાક્યુસેટ્સ ઇન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી (એમ.આઇ.ટી.) દ્વારા યોજવામાં આવેલા સંશોધનાત્મક અભ્યાસમાં હિસ્સો લેવાનું કહેવામાં આવ્યું છે. તમે તમારા ઘરમાં વોટર ટેકનોલોજીસનો ઉપયોગ કેવી રીતે કરો છો તે સમજવાનો આ અભ્યાસનો ઉદ્દેશ છે. આ અભ્યાસના પરિણામોનો સમાવેશ તમારા અભ્યાસક્રમના એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં અને મૂલ્યાંકનના અહેવાલોમાં કરવામાં આવશે. આ અભ્યાસમાં એક સંભવિત હિસ્સો લેનાર તરીકે તમારી પસંદગી કરવામાં આવી હોવાનું કારણ એ છે કે અમે જેનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ એમાંથી કોઇ એક વોટર ફિલ્ટર્સ/ટેસ્ટ કિટ્સનો તમે ઉપયોગ કરી રહ્યા છો. આ અભ્યાસમાં હિસ્સો લેવો કે નહીં તે અંગેનો નિર્ણય લેતા પહેલાં તમારે નીચે દર્શાવવામાં આવેલી માહિતી વાંચી લેવી જોઇએ અને જો તેમાં આપ કંઇ સમજી શક્યા ન હોય તો તેને લગતા કોઇપણ પ્રશ્નો પુછી શકો છો.

- આ ઇન્ટરવ્યૂ સ્વૈચ્છિક છે. તમને કોઇ પ્રશ્નનો જવાબ ન આપવો તેમજ કોઇપણ સમયે કોઇપણ કારણોસર ઇન્ટરવ્યૂને અટકાવી દેવાનો અધિકાર છે. અમને એવી અપેક્ષા છે કે આ ઇન્ટરવ્યૂ આશરે એક કલાક જેટલો સમય લેશે.
- આ ઇન્ટરવ્યૂ બદલ તમને કોઇ જ વળતર ચૂકવવામાં આવશે નહીં.
- જ્યાં સુધી તમે તમારા નામ, અટક, અને/અથવા કોઇ સૂચનનો ઉપયોગ કરવાની પરવાનગી ન આપો ત્યાં સુધી પ્રકાશનોમાં આ સંશોધનનું કોઇપણ પરિણામ અથવા તમે અમને જણાવેલી માહિતી ગુપ્ત રાખવામાં આવશે.
- અમે આ ઇન્ટરવ્યૂને એટલા માટે રેકોર્ડ કરવાનો આગ્રહ રાખીએ છીએ કે જેથી કરીને અમે આ અભ્યાસને લગતી પ્રક્રિયા કરતા સમયે તેનો સંદર્ભ માટે ઉપયોગ કરી શકીએ. અમે આપની પરવાનગી વગર આ ઇન્ટરવ્યૂને રેકોર્ડ કરીશું નહીં. જો આ વાર્તાલાપને રેકોર્ડ કરવાની તમે પરવાનગી આપો, તો તમને કોઇપણ સમયે રેકોર્ડિંગની આ પરવાનગી રદ કરવાનો અને/અથવા આ ઇન્ટરવ્યૂનો અંત આણવાનો સંપૂર્ણ અધિકાર છે.

આ પ્રોજેક્ટ ડિસેમ્બર 2014 સુધીમાં પૂર્ણ થઈ જશે. તે તારીખના 1 વર્ષ બાદ આ તમામ ઇન્ટરવ્યૂના રેકોર્ડિંગ રદબાતલ કરી દેવામાં આવશે.

હું ઉપર દર્શાવવામાં આવેલી તમામ પ્રક્રિયાઓને સમજ્યો/સમજી છું. હું સંતુષ્ટ થાઉં ત્યાં સુધી મારા તમામ પ્રશ્નોનો જવાબ આપવામાં આવ્યો છે, અને હું આ અભ્યાસમાં હિસ્સો લેવા માટે સંમત છુ. મને આ ફોર્મની એક નકલ આપવામાં આવશે.
(લાગુ પડતા તમામ મુદ્દાઓ ટિક કરો)

[ ] હું આ ઇન્ટરવ્યૂ રેકોર્ડ કરવાની પરવાનગી આપુ છું.
[ ] આ અભ્યાસના પરિણામોમાંથી નીચે દર્શાવેલી માહિતીનો પ્રકાશનમાં સમાવેશ કરવાની હું અનુમતિ આપુ છું:
[ ] મારૂં નામ [ ] મારી અટક [ ] આ ઇન્ટરવ્યૂમાં સૂચવેલા સીધા સૂચનો

વ્યક્તિનું નામ ______________________________
વ્યક્તિની સહી ________________________ તારીખ _________________
તપાસનીશની સહી ___________________________ તારીખ _________________

કોઇપણ પ્રકારના પ્રશ્ન કે સંદર્ભ બાબતે સંપર્ક કરો *Jonars Spielberg, 875 850 2258, jspiel@mit.edu*
જો તમારી સરભરા ગેરવ્યાજબી રીતે થઈ હોવાનો તમે અનુભવ કરો, અથવા સંશોધનના એક વ્યક્તિ તરીકેના તમારા અધિકાર સંદર્ભે તમને કોઇ સવાલ હોય, તો તમે માણસોને પ્રયોગાત્મક વ્યક્તિત્વ તરીકે ઉપયોગ બદલ સમિતીના ચેરમેન, એમ.આઇ.ટી., રૂમ ઇ25-143બી, *77* મસાક્યુસેટ્સ એવન્યુ, એમએ 02139, ફોન 1-617-253-6787 નો સંપર્ક કરી શકો છો.